શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન -રાજકોટ

# Economics Model Paper-3

For Our Daily Update Please Add this Number (9714212189) in Your Whatsapp Group OR send mail (spcfinfo@gmail.com).


**સ્થળ:**

શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટ

ન્યુ માયાણી નગર, પાણીના ટાંકા સામે, માલવિયા નગર પોલીસ સ્ટેશનવાળી શેરી, મવડી મેઈન રોડ, રાજકોટ – 360 004

**વધુ માહિતી માટે સંપર્ક:**

**0281-2365099 / 0281-2970498/ 7405878428 / 8490983856**

શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન -રાજકોટ




For Our Daily Update Please Add this Number (9714212189) in Your Whatsapp Group OR send mail (spcfinfo@gmail.com).

# ECONOMICS MODEL PEPAR-3

૧. TRAIની સ્થાપના ક્યારે થઇ?

(અ) 2001 (બ) 1999 (ક) 1991 (ડ) 1997

૨. ભારત સરકારે સૌ પ્રથમ વાર રાષ્ટ્રીય ટેલીકોમ નીતિ ક્યારે જાહેર કરી?

(અ) 2014 (બ) 2002 (ક) 1994 (ડ) 1990

3. BSNL અને MTNL કંપનીઓની સ્થાપના ક્યારે થઇ?

(અ) 1991 (બ) 1997 (ક) 1998 (ડ) 2000

૪. ભારતમાં ઈન્ટરનેટ સેવાની શરૂઆત ક્યારે થઇ?

(અ) 1991 (બ) 1999 (ક) 1995 (ડ)1998

૫. ભારતમાં ક્યા ક્ષેત્રે સૌથી વધુ વીજળી પેદા થાય છે?

(અ) જળવિધુત (બ) અણુવિધુત

(ક) તાપવિધુત (ડ) પવન ઉર્જા

૬. વીજળી ધારો ક્યારે ઘડાયો?

(અ) 2010 (બ) 2014 (ક) 1991 (ડ) 2003

૭. બીજી ટેલિકોમ નીતિ ભારત સરકારે ક્યારે જાહેર કરી?

(અ) 2007 (બ) 2014 (ક) 1999 (ડ) 2000

૮. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં સાહસો વીજળીના કુલ ઉત્પાદનમાં કેટલો હિસ્સો ધરાવે છે?

(અ) 25% થી 30% (બ) 55% કરતા વધુ

(ક) 10% થી 15% (ડ) 70% કરતા વધુ

૯. 2003ના વીજળી ધારાનો હેતુ શો છે?

1. નિયમનકારી પંચોની રચના કરવી
2. ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવું
3. વીજળી ઉદ્યોગના વિકાસ માટે સાનુકુળ પગલા ભરવા
4. વીજળીના ભાવની વ્યવસ્થાને તાર્કિક બનાવવી

ઉપરનામાંથી શું સાચું છે?

(અ) 2,4 (બ) 1,2 (ક) 1,2,3,4 (ડ) 1,4

૧૦. નીચેના વિધાનો વાચો:

1. રાજ્યોના મોટા ભાગના વિધુત બોર્ડઝ ખોટમાં ચાલે છે
2. વીજળી ક્ષેત્રે મોટી સમસ્યા વીજળીના સંવહન અને વિતરણમાં થતી નુકસાની છે
3. ગ્રામ વિસ્તારોમાં વીજળીનું ઉત્પાદન અને વિતરણ પરવાના વિના થઇ શકે જોગવાઈ 26 રાજ્યોએ કરી છે
4. ભારત દુનિયામાં સાતમા ક્રમે સૌથી વધુ ઊર્જા ઉત્પન્ન કરનારો દેશ છે

ઉપરનામાંથી શું સાચું છે?

(અ) 2,3,4 (બ) 1,2,3,4 (ક) 1,2,4 (ડ) 1,3,4

૧૧. રાષ્ટ્રીય વીજળી નીતિ ક્યારે જાહેર કરવામાં આવી?

(અ) 2010 (બ) 2014 (ક) 2012 (ડ) 2005

૧૨. રાષ્ટ્રીય વીજ દર નીતિ ક્યારે જાહેર કરવામાં આવી?

(અ) 2014 (બ) 2006 (ક) 1991 (ડ) 1999

૧૩. રાષ્ટ્રીય ગ્રામ વીજળીકરણ નીતિ ક્યારે જાહેર કરવામાં આવી?

(અ) 2006 (બ) 2008 (ક) 2010 (ડ) 2012

૧૪. 2006-07ની ઉદ્યોગોની વસ્તી ગણતરી અનુસાર દેશમાં MSMEs કેટલાં હતા?

(અ) 2.91 કરોડ (બ) 2.61 કરોડ (ક) 2.30 કરોડ (ડ) 2.10 કરોડ

૧૫. 2006-07ની ઉદ્યોગોની વસ્તી ગણતરી મુજબ MSMEsમાં દેશમાં આશરે કેટલાં લોકોને રોજગારી મળતી હતી?

(અ) 6 કરોડ (બ) 10 કરોડ (ક) 11 કરોડથી વધુ (ડ) 2.5 કરોડ

૧૬. ભારતના GDPમાં MSMEsનો ફાળો કેટલો છે?

(અ) 35% (બ) 22% (ક) 8% (ડ) 42%

૧૭. ભારતમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં MSMEsનો ફાળો કેટલો છે?

(અ) 59% (બ) 38% (ક) 22% (ડ) 45%

૧૮. MSMEsમાં કેટલાં સાહસો નોંધાયેલા છે જ નહિ?

(અ) 12% (બ) 94% (ક) 58% (ડ) 72%

૧૯. MSMEsમાં ક્યા ક્ષેત્રના એકમો સૌથી વધુ છે?

(અ) માત્ર ટકાઉ વપરાશી ચીજો (બ) ઉદ્યોગો

(ક) સેવાઓ (ડ) ખેતી

૨૦. 2006-07 MSMEsમાં એક એકમ દીઠ કેટલી રોજગારી મળતી હતી?

(અ) 4.48 (બ) 2.32 (ક) 10.20 (ડ) 6.24

૨૧. MSMEsમાં ગ્રામીણ સાહસોનું પ્રમાણ કેટલું છે?

(અ) 47% (બ) 38% (ક) 19% (ડ) 52%

**૨૨. માલિકીની દ્રષ્ટિએ MSMEsમાં સૌથી વધુ સાહસો કેવા છે?**

(અ) પોતાની માલિકીના (બ) પબ્લિક લિમિટેડ કંપની

(ક) સહકારી મંડળી (ડ) ભાગીદારી પેઢી

**૨૩. માલિકીની દ્રષ્ટિએ MSMEs ક્ષેત્રે સૌથી ઓછા સાહસો કેવા પ્રકારના છે?**

(અ) ખાનગી કંપની (બ) ભાગીદારી પેઢી

(ક) સહકારી મંડળી (ડ) પબ્લિક લિમિટેડ કંપની

**૨૪. લઘુ ઉદ્યોગોનું મહત્વ ભારતીય અર્થતંત્રમાં શા માટે છે?**

1. તે સંતુલિત પ્રાદેશિક વિકાસમાં ફાળો આપે છે
2. તે અસમાનતામાં ઘટાડો કરે છે
3. તે ઓછા મૂડીરોકાણે વધુ રોજગારી આપે છે
4. તેમાં બજારમાં બદલાતી માંગના સંદર્ભમાં ઉત્પાદનની તરાહ બદલવાની જરૂર હોતી નથી

ઉપરનામાંથી શું સાચું છે?

(અ) ફક્ત 4 (બ) 1,2 (ક) 2,4 (ડ) 1,2,3

**૨૫. મોટા પાયાના ઉદ્યોગોથી બહુ ઓછા લોકોના હાથમાં આવક અને સંપત્તિનું કેન્દ્રીકરણ થાય છે. નાના ઉદ્યોગો આવક અને સંપતિને અનેક લોકો વચ્ચે વહેચે છે, સ્થાનિક લોકોને રોજગારી મળે છે અને તેથી તેમને આવક પ્રાપ્ત થાય છે અને સાહસિકો ઓછી મુડીએ પણ ધંધો કરીને કમાણી કરી શકે છે**

**ઉપરના ફકરામાંથી કયું તારણ કાઢી શકાય?**

1. નાના પાયાના સાહસોથી આર્થિક સમાનતા ઊભી કરવામાં મદદ મળી શકે
2. મોટા પાયાના એકમોથી દેશમાં કુલ રાષ્ટ્રીય પેદાશ વધે છે
3. નાના પાયાના સાહસોમાં મૂડીરોકાણ ઓછું હોય છે

(અ) ફક્ત 1 (બ) ફક્ત 3 (ક) ફક્ત 1 અને 2 (ડ) ફક્ત 1 અને 3

**૨૬. લઘુઉદ્યોગોને કઈ સમસ્યા નડે છે?**

1. આસાનીથી ધિરાણ મળતું નથી
2. સરકારી ખાતા અને સંસ્થાઓ એવા નિયમો બનાવે છે કે નાના પાયાના ઉદ્યોગો તેમને વેચાણ કરી શકે જ નહિ
3. કાચો માલ ઓછા ભાવે મળતો નથી કારણ કે બહુ મોટા જથ્થાની તેમને જરૂર હોતી નથી
4. બજાર મેળવવાનું ખુબ જ મુશ્કેલ છે

ઉપરનામાંથી શું સાચું છે?

(અ) 2,3 (બ) 1,2,3 (ક) 1,3,4 (ડ) 1,2,3,4

**૨૭. નીચેના વિધાનો વાચો:**

1. મહિલાઓના નાના પાયાના સાહસોમાં વણનોંધાયેલા સાહસો વધારે છે
2. નાના પાયાના સાહસોમાં સ્ત્રીઓ કરતા પુરુષોને વધારે રોજગારી મળે છે
3. નાના પાયાના સાહસોમાં શહેરી કરતા ગ્રામીણ સાહસોની સંખ્યા વધારે છે
4. 1991ની નવી આર્થિક નીતિ પછી લઘુ ઉદ્યોગોની સંખ્યા વધી છે અને તેમાં રોજગારી પણ વધી છે

ઉપરનામાંથી શું સાચું છે?

(અ) 2,4 (બ) 1,2,3,4 (ક) 1,4 (ડ) 3,4

**૨૮. નીચેનામાંથી કયું વિધાન સાચું છે?**

1. લઘુ ઉદ્યોગ ક્ષેત્રનો વૃદ્ધિ દર એકંદર ઔદ્યોગિક વૃદ્ધિ દર કરતા 2002-03 થી 2007-08ના ગાળા દરમ્યાન વધારે રહ્યો છે
2. સુક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસોથી પ્રણાલીગત કૌશલ્ય અને આધુનિક ટેકનોલોજી બને વચ્ચે સમન્વય ઊભો થાય છે
3. બંધ પડેલા સુક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસો ઝડપથી ફરીથી સાજા થાય તે માટે યોગ્ય વ્યવસ્થા નથી
4. લઘુ સાહસોની ટેકનોલોજી ખાસ્સી જરી-પુરાણી હોય છે

(અ) 1,2 (બ) 1,2,3,4 (ક) 2,3 (ડ) 3,4

**૨૯. ભારત સરકારે કઈ ઔદ્યોગિક નીતિમાં લઘુ ઉદ્યોગો માટે 128 વસ્તુઓનું ઉત્પાદન અનામત રાખ્યું હતું?**

(અ) 1977 (બ) 1956 (ક) 1948 (ડ) 1980

**30. ભારત સરકારે લઘુ ઉદ્યોગો માટે ખાસ નીતિ ક્યારે બહાર પાડી?**

(અ) 2005-06 (બ) 2003-04 (ક) 2001-02 (ડ) 2010-11

**૩૧. લઘુ ઉદ્યોગો માટે અનામત નીતિની શરૂઆત ક્યારે થઇ?**

(અ) 1967 (બ) 1948 (ક) 1956 (ડ) 1977

**૩૨. લઘુ ઉદ્યોગો માટે ઉત્પાદનની અનામત યાદીમાંથી 1997થી 2008 સુધીમાં કેટલી ચીજો બાકાત કરાઈ?**

(અ) 51 (બ) 39 (ક) 843 (ડ) 180

**૩૩. કેટલાં ક્ષેત્રોની ચીજોને લઘુ ઉદ્યોગો માટે અનામતોમાં મુકવામાં આવી હતી?**

(અ) 12 (બ) 10 (ક) 07 (ડ) 17

**૩૪. લઘુ ઉદ્યોગો માટેની અનામત નીતિની સમીક્ષા માટે ભારત સરકારે 1997માં કોના અધ્યક્ષપદે સમિતિ નીતિ હતી?**

(અ) વાય.વી.રેડ્ડી (બ) અમીર મહંમદ ખુરારો

(ક) આબિદ હુસેન (ડ) સી.રંગરાજન

**૩૫. ખાદી અને ગ્રામોદ્યોગ પંચની રચના ક્યારે થઇ?**

(અ) 1978 (બ) 1967 (ક) 1956 (ડ) 1990

**૩૬. લઘુ ઉદ્યોગો માટેની અનામત નીતિની સમીક્ષા કરનારી આબિદ હુસેન સમિતિએ શું તારણ કાઢ્યું?**

1. અનામત નીતિથી નાના પાયાના ઉદ્યોગોના વિકાસને વાસ્તવમાં કોઈ મદદ મળી નથી
2. જે ક્ષેત્રોમાં અનામત નહોતી એ ક્ષેત્રોની ચીજો ઉત્પન્ન કરનારા સાહસોનો વિકાસ અનામત ચીજોનું ઉત્પાદન કરનારા સાહસો કરતા વધારે થયો હતો
3. અનામત હોવા છતાં પણ નાના પાયાના સાહસો કેટલીક ચીજો ઉત્પન્ન કરતા જ નહોતા
4. કાપડ-વસ્ત્ર અને ચર્મ ચીજો સહિતના કેટલાક ક્ષેત્રોમાં અનામત નીતિને કારણે નિકાસ વધી સકતી ન હતી

ઉપરનામાંથી સાચું શું છે?

(અ) 1,2,3,4 (બ) 2,4 (ક) 1,4 (ડ) 3,4

**૩૭. ભારત સરકારે લઘુ ઉદ્યોગો માટેની અનામત યાદીમાંથી વસ્તુઓને બાકાત કરવાનું ક્યારથી શરૂ કર્યું?**

(અ) 1999 (બ) 1995 (ક) 1991 (ડ) 1997

**૩૮. 2008 પછી સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગો માટે કેટલી ચીજો અનામત છે?**

(અ) 75 (બ) 85 (ક) 21 (ડ) 843

**૩૯. ગ્રામોદ્યોગ કોને કહેવામાં આવે છે?**

1. જે ગ્રામ વિસ્તારમાં હોય 2. જે વીજળીની વપરાશ ના કરતો હોય
3. જે વીજળીની વપરાશ કરતો હોય પણ કોઈ વસ્તુનું જ ઉત્પાદન કરતો હોય, સેવાનું ઉત્પાદન નહિ
4. જેમાં કામદારદીઠ સ્થાયી મૂડીરોકાણ રૂ. એક લાખ કરતા વધારે ના હોય

ઉપરના માંથી સાચું શું છે?

(અ) 1,3,4 (બ) 1,2,4 (ક) 1,3 (ડ) 1,2

**૪૦. લઘુ ઉદ્યોગો માટેની અનામત નીતિને કાનૂની ટેકો પૂરો પાડવા ક્યા કાયદામાં સુધારો કરાયો?**

(અ) ઔદ્યોગિક વિકાસ અને નિયમન ધારો-1951 (બ) કારખાનાં ધારો- 1948

(ક) લઘુતમ વેતન ધારો-1948 (ડ) ઔદ્યોગિક વિવાદ ધારો-1948

**૪૧. 1991ની ઔદ્યોગિક નીતિમાં લઘુ ઉદ્યોગો માટે શી જોગવાઈ કરાઈ?**

1. પરવાના મેળવવામાંથી મુક્તિ
2. અન્ય ઔદ્યોગિક એકમોને લઘુ ઉદ્યોગોમાં 24 ટકા ઈક્વીટી મૂડી રોકાણ માટે છૂટ
3. અતિ લઘુ સાહસો માટે મૂડી રોકાણની મર્યાદા રૂ. 5 લાખ
4. અનામત યાદીમાંથી 73 ક્ષેત્રો હટશે

ઉપરના માંથી સાચું શું છે?

(અ) 1,4 (બ) 1,2,3 (ક) 1,2 (ડ) 1,3

**૪૨. કઈ ઔદ્યોગિક નીતિ હેઠળ ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેંક (SIDBI)ની સ્થાપના થઇ?**

(અ) 1990 (બ) 1991 (ક) 1948 (ડ) 1956

**૪૩. ટચુકડા ઉદ્યોગો માટે રૂ.2 લાખની મર્યાદા ક્યારે નક્કી થઇ?**

(અ) 1980 (બ) 1990 (ક) 1991 (ડ) 2003-04

**૪૪. નીચેના વિધાનો વાચો:**

1. 1991ની ઔદ્યોગિક નીતિ પછી પણ જાહેર ક્ષેત્રનું મહત્વ ભારતીય અર્થતંત્રમાં તદન ઘટી ગયું નથી
2. જાહેર સાહસોનો ફાળો ભારતના જીડીપીમાં 30% કરતા વધારે છે
3. ખાનગી કંપનીઓના શેર જાહેર ક્ષેત્રની કંપનીઓ પણ ખરીદે છે
4. આઝાદી બાદના તરતના ગાળામાં મજબુત જાહેર ક્ષેત્ર એક રાજકીય જરૂરીયાત પણ હતી?

ઉપરનામાંથી શું સાચું છે?

(અ) 1,3,4 (બ) 1,2,3,4 (ક) 2,3,4 (ડ) 1,2,4

**૪૫. ભારતમાં જાહેર સાહસોની સ્થાપના પાછળનો હેતુ કયો રહ્યો છે?**

(અ) દેશનો આર્થિક વૃદ્ધિ દર ઊચો લઇ જવો

(બ) વસ્તુઓ અને સેવાઓના ઉત્પાદનમાં સ્વાવલંબન સિદ્ધ કરવું

(ક) વ્યાપાર તુલામાં લાંબે ગાળે સંતુલન સિદ્ધ કરવું

(ડ) ઉપરોક્ત તમામ

**૪૬. જાહેર સાહસોનું મહત્વ કઈ રીતે છે?**

1. નિકાસ કરવામાં તેમનું પ્રદાન મોટું છે
2. સંગઠિત ક્ષેત્રે રોજગારીના સર્જનમાં તેઓ મોટો ફાળો આપે છે
3. તેઓ આર્થિક સ્વાવલંબન સિદ્ધિ કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે
4. જીડીપીમાં તેમનો ફાળો મોટો છે

ઉપરનામાંથી શું સાચું છે?

(અ)1,2,3,4 (બ) 1,2,3 (ક) 2,3,4 (ડ) 1,3,4

**૪૭. જાહેર સાહસ પુનર્રચના બોર્ડની રચના ભારત સરકારે ક્યારે કરી?**

(અ) 2005 (બ) 2014 (ક) 2006 (ડ) 2004

**૪૮. જાહેર સાહસોની કામગીરીના મહત્વના ક્ષેત્રોમાં શાનો સમાવેશ થાય છે?**

1. કોલસો 2. વીજળી

3. પેટ્રોલીયમ પેદાશો 4. દુરસંચાર

ઉપરનામાંથી શું સાચું છે?

(અ) 1,2,3,4 (બ) 2,3 (ક) 1,2 (ડ) 3,4

૪૯. જાહેર સાહસ પુનર્રચના બોર્ડ શું કરે છે?

1. તે જાહેર સાહસોમાં મૂડીરોકાણ કરે છે
2. તે જાહેર સાહસોના પુનરુત્થાન માટે સલાહ આપે છે
3. તે જાહેર સાહસોને બંધ કરી દેવાની દરખાસ્ત કરે છે
4. તે જાહેર સાહસોનું પુનરુત્થાન હાથ ધારે છે

ઉપરનામાંથી શું સાચું છે?

(અ) 2,4 (બ) 2,3 (ક) 1,4 (ડ) 1,2,3,4

૫૦. માર્ચ-2013ના અંતે કેન્દ્ર સરકારના જાહેર સાહસોની સંખ્યા કેટલી હતી?

(અ) 236 (બ) 277 (ક) 134 (ડ) 168



## Answer Key Economics Model Paper-3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ડ | 11 | ડ | 21 | ડ | 31 | અ | 41 | બ |
| 2 | ક | 12 | બ | 22 | અ | 32 | ક | 42 | અ |
| 3 | ડ | 13 | અ | 23 | ડ | 33 | ડ | 43 | અ |
| 4 | ક | 14 | બ | 24 | ડ | 34 | ક | 44 | અ |
| 5 | ક | 15 | અ | 25 | ડ | 35 | ક | 45 | ડ |
| 6 | ડ | 16 | ક | 26 | ડ | 36 | અ | 46 | અ |
| 7 | ક | 17 | ડ | 27 | બ | 37 | ડ | 47 | ડ |
| 8 | બ | 18 | બ | 28 | બ | 38 | ક | 48 | અ |
| 9 | ક | 19 | ક | 29 | બ | 39 | બ | 49 | બ |
| 10 | બ | 20 | ડ | 30 | બ | 40 | અ | 50 | બ |

For Our Daily Update Please Add this Number (9714212189) in Your Whatsapp Group OR send mail (spcfinfo@gmail.com).

**BEST OF LUCK...........**

તમારા સપનાઓ.......

અમારું માર્ગદર્શન......

જરૂર લાવશે એક પરિણામ......